વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ-૪૦ઃઅંક-૧૪-૧૫ * આદ્યતંત્રીઃસ્વ.જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રીઃનમ્રતા બાલી * પ્રકાશનઃઑગસ્ટ-૨૨, સપ્ટેમ્બર-૬, ૨૦૨૨

# 'સેવા' @ ૫૦

## શ્રી ગુજરાત રાજ્ય મહિલા 'સેવા' કો. ઓપરેટીવ ફેડરેશનના ૩૦ વર્ષની ઉજવણી

દેશનું પહેલું અને એક માત્ર મહિલા ફેડરેશન શ્રી ગુજરાત રાજ્ય મહિલા 'સેવા' કો.ઓપરેટીવ ફેડરેશને ૮, જુલાઈ ૨૦૨૨થી તેના ત્રીસ વરસની ઉજવણીની શરૂઆત કરી. સાથે-સાથે ફેડરેશનની(મંડળીઓનો સમૂહ) સામાન્ય સભા થઈ.

સહકારી સંસ્થાઓ, મંડળીઓના મજબૂતીકરણ માટે 'સેવા'એ ૩૦મી ડિસેમ્બર ૧૯૯૨ના રોજ 'સેવા' કો.ઓપરેટીવ ફેડરેશનની રચના કરી. જે અસંગઠીતક્ષેત્રના બહેનોને સહકારી મંડળીઓમાં સંગઠિત કરવાનું, સહકારી ચળવળ માટે જરૂરી એવી ક્ષમતા-નિર્માણ અને ધંધાકીય વિકાસની કામગીરી ઉપરાંત તેમના ધંધાને લગતા પ્રશ્નોના ઉકેલ માટે નીતિવિષયક કામગીરી કરી રહ્યું છે.




મંચસ્થ મહેમાનો સાથે બોર્ડના સભ્યો

આ પ્રસંગે ઈલાબેને સમારોહની અધ્યક્ષતા કરી હતી. સહકારી ચળવળના વરિષ્ઠ નેતા અને ગુજરાત રાજ્ય સહકારી બેન્ક અને સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન અને ગુજરાત રાજ્ય સહકારી સંઘની મહિલા સમિતિના અધ્યક્ષ ભાવનાબેન જાડેજા પ્રસંગે હાજર રહ્યાં હતાં. તેમજ ઉજવણીના આ પ્રસંગે 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન'ના હોલમાં ૩૦૦ જેટલાં અલગ અલગ ધંધા સાથે જોડાયેલી સહકારી મંડળીના બહેનો અને સેવા કો.ઓપરેટીવ ફેડરેશનને સતત સાથ આપતાં આમંત્રિત મહેમાનોથી ખચાખચ ભરાઈ ગયો હતો.

કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના અને ''શાંતિ કા વાધ્ય બના તું મુજે'' ગીત સાથે દિપ પ્રાગટયથી થઇ.

'સેવા' કો.ઓપરેટીવ ફેડરેશનના મેનેજિંગ ડાયરેક્ટર મિત્તલબેને પૂર્વભૂમિકા બાંધતા કહ્યું કે, ફેડરેશન આ વર્ષે ડિસેમ્બરમાં ૩૦ વર્ષ પૂરાં કરશે. 'સેવા'એ સહકારી મંડળીની શરૂઆત કરી ત્યારે બે કાર્યકર્તા અને ૩૩ સભાસદ હતા. આ ત્રીસ વર્ષના દાયકામાં ફેડરેશને અલગ અલગ સેક્ટરમાંથી જેમ કે,ખેતી, હસ્તકલા કે ગૃહ મંડળીઓ થકી બહેનોને આવક, રોજગારીની સલામતી અને પૂર્ણ રોજગાર મળે તેના પર કામ કર્યું છે. સેવા ફેડરેશન નાના જૂથોને સહકારી મંડળી તરીકે ઊભી કરવામાં પાયાની ભૂમિકા ભજવી છે.'સેવા' કો.ઓપરેટીવ ફેડરેશન ૧૧૦ મંડળીઓ સાથે કામ કરે છે. શરૂઆતનાં ૫ વર્ષની બેલેન્સીટ મેં જોઇ છે કે કેટલું અઘરું છે... માત્ર બે-ચાર બહેનોએ મળીને આ કામ કર્યુ છે. જેમાં ઇલાબહેનનું માર્ગદર્શન, પીઠબળ મંડળીઓને સતત મળતું રહ્યું છે.

આપણે નાના પાયેથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોચ્યાં અને વિદેશમાં પણ ILO (આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા), WIEGO જેવી સંસ્થાઓ સાથે રહીને કામ કરીએ છીએ. આમ આપણે આ ૩૦ વર્ષમાં 'લોકલથી ગ્લોબલ' ગયા અને સહકારથી સમૃદ્ધિને જોઈ રહ્યાં છીએ. આપણો પ્રયાસ એજ હોય છે કે વધારે ને વધારે બહેનો મંડળી સાથે જોડાય અને તેમના માટે યોગ્ય નીતિ ઘડાય તેના પર કામ કરવાનું છે. આજની આપણી ઉજવણી સહકાર ક્ષેત્રમાં બહેનોનો ફાળો છે એ વિશેષ છે.

આ પ્રસંગે 'સેવા' દ્વારા શરૂઆત કરવામાં આવેલ મહિલા સહકારી મંડળીઓ અને 'સેવા' ફેડરેશનની અત્યાર સુધીની સફર ઉપર દસ્તાવેજી ફિલ્મ ''હમ સબ એક હૈ'' સૌએ સાથે મળીને નિહાળી.

ત્યાર બાદ કાર્યક્રમને ખુલ્લો મૂક્યો જેમાં ભગિની સંસ્થાના જૂના સાથીઓના શુભેચ્છા સંદેશાઓ લેવામાં આવ્યા હતા.

ઈલાબહેને ખુશીની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, ''હું આપ સૌનો આભાર માનું છું કે. ૩૦ વરસ તમે આટલું કામ કર્યું અને આજે તેની ઉજવણી કરીએ છીએ. બાળપણથી જ મારામાં યુનિયનના સંસ્કાર હતા એટલે શ્રી અનસૂયાબેન સાથે રહીને 'સેવા' યુનિયન શરૂ કર્યું અને ૧૯૭૪માં પહેલી સહકારી બેંક શરૂ કરી. આ સમયે મને બેંક કેવી રીતે ચલાવાય એ ખબર ન હતી પણ, રોજનું રળીને રોજ ખાતી બહેનોની રજૂઆત અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હું કૂદી પડી. બહેનોના ઘરે-ઘરે ફરવાનું થયું ત્યારે સમજાયું કે, તેઓ આટલું બધુ કામ કરે છે તેમાં તેમના કામની ક્યાંય દ્રશ્યતા નથી.




**ઈતિહાસની વાતો વાગોળતા ઈલાબેન**

સરકારી ચોપડે શ્રમિક તરીકે તેમના નામની ક્યાંય નોંધણી નથી થઇ તો તેમનો અવાજ ક્યાંથી હોય? નીતિ ઘડાય તેમાં તેમને ક્યાં ધ્યાનમાં રખાય! યુનિયન, કાયદા અને તેના અમલીકરણ માટે લડે, પણ કોના માટે ઝંડા બાજી કરવી? તેમના કામની ઓળખ જ નથી. ત્યારે બહુ વિચારતા સહકારીતાનો રસ્તો સુઝ્યો અને નક્કી કર્યું કે યુનિયન અને સહકારીતા બંનેને સાથે રાખી બહેનો માટે કામ કરવું. મંડળીમાં જોડતા બહેનને કામ મળે, ઘરમાં આવક આવે, શેર સભાસદ બને, તેની એક ઓળખ ઊભી થાય તે લીડર અને નીડર બને તેના કામની નોંધ લેવાય અને તેની કામદાર તરીકેની ઓળખ ઊભી થાય.''

બીજી એક બહુ અગત્યની વાત કરું કે, આઝાદી વખતે ગ્રામ સ્વરાજની વાત હતી, એ વિશે અત્યારે પણ વિચારવાની જરૂર છે, કેમ કે હવે શહેરીકરણ વધી રહ્યું છે. શહેરોમાં જે વોર્ડ વ્યવસ્થા છે તેને ગ્રામ પ્રદેશના અભિગમની જેમ બધી સગવડ નાગરિકોને જે તે વોર્ડમાં જ મળી રહે જેમાં ખોરાક, વસ્ત્રો, પ્રાથમિક શિક્ષણ, રોજગારી, રમત ગમતના અખાડા, ધર્મ સ્થાનો, ઝગડા ફસાદની સુલેહ માટે ન્યાય વ્યવસ્થા વગેરે. જેનાથી રોજગારીની તકો વધે અને શોષણ અટકે. આ બાબત સહકાર અને સરકારમાં લઈ જવા ઘનશ્યામભાઈ અમીન સાથે ચર્ચા કરી હતી અને 'સેવા' ફેડરેશનની ટીમને પણ આ દિશામાં ભાવિ આયોજનમાં મૂકવા સૂચન કર્યું હતું.

ઘનશ્યામભાઈ અમીને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ''આઝાદીના ૭૫મા વરસને સરકારે 'અમૃત મહોત્સવ' તરીકે જાહેર કર્યું છે. તેની દરેક પ્રસંગો જેમ કે, દેશની આઠ લાખ સહકારી મંડળીના સમારંભમાં દેશમાં થયેલાં રાજ્ય અને પ્રજાલક્ષી કામની સાથે-સાથે આત્મનિર્ભર ભારતની વાત થશે અને મહિલા સશક્તિકરણની વાત થશે અને સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર પણ આપ્યું છે. આજે સમગ્ર વિશ્વને સમજાઈ ગયું છે કે, મૂડીવાદ કે સામ્યવાદ દેશને સમૃદ્ધ અને સફળ બનાવવાનું માધ્યમ નથી આ માટે ફક્ત જરૂર છે સહકારીતાની. આ વાત ઈલાબેનને ૧૯૭૨ના વર્ષમાં સમજાઈ ગઈ અને અસંગઠીત વર્ગના લાખો બહેનોને સાચી દિશા બતાવી અને સહકારીતાથી ૩ લાખ બહેનોને જોડી અને ૧૫થી ૧૭ લાખ બહેનો પગભર થઇ, આત્મનિર્ભર ભારતના સપનાને સિદ્ધ કર્યું છે. ઈલાબેનને વરસો પહેલાં આ વાત સમજાઈ ગઈ હતી અને એક ચળવળ બની ગઈ છે.'' તેમણે સેવા ફેડરેશનને તેમના આ કામ બદલ બિરદાવ્યા હતા.

ગુજરાત રાજ્ય સહકારી સંઘની મહિલા સમિતિના અધ્યક્ષ ભાવનાબેન જાડેજાએ જણાવ્યું હતું કે, ''સેવાએ સહકાર ક્ષેત્રે એક વટવૃક્ષ વાવ્યું છે અને તેના પર સરસ ફળો ઉગે તેની કાળજી લીધી છે અને મીઠાં ફળો ચાખ્યાં છે તેની આજે પ્રતીતિ થાય છે. કહેવાય છે ને કે, માથું વાવીએ એટલે માથું ઊગે. ઈલાબેને પોતાનું માથું એવી રીતે વાવ્યું છે કે , તેમની બીજી અને ત્રીજી પેઢીમાં તેમની છબી (પ્રતિબિંબિત) થાય છે, એવી સંસ્થાના કોઈ બહેનના મોઢે ફરિયાદ કે નિરાશા જોવા મળતી જ નથી. ઈલાબેને બહેનોને ચહેંક્તી કરી છે અને મહેક્તી કરી છે. આજના પ્રસંગે બધાના માથાનો ગજરો તેનું સૂચક છે. મારા માટે ગૌરવની વાત છે કે આજે મને આ પ્રસંગે આવવાનો મોકો મળ્યો અને સેવા ફેડરેશનને વિનંતી કરી કે તેમના ગામની બહેનોને પણ સેવા કો.ઓપરેટીવ ફેડરેશન થકી સહકારીતામાં જોડે.''

સેવા કો.ઓપરેટીવ ફેડરેશનના પ્રમુખ મિરાઈબહેને સેવા કો.ઓપરેટીવ ફેડરેશનની ભાવિ દિશામાં પૂર્ણ રોજગાર અને સ્વાવલંબન, ગ્રામ-સ્વરાજની જેમ કામ, રોજગાર અને આવક થકી ઘરે ઘરે સ્વરાજ, સહકારી મંડળીઓની ૮૮%થી વધીને ૧૦૦% પગભરતા, યુવા પેઢીની વધુ સક્રિયતા અને બહેનોના હાથમાં ડિજિટલ ટેકનૉલોજી ફક્ત મોબાઈલ જ નહીં પણ કોમ્પ્યુટર અને ધંધો ચલાવવાના ડિજિટલ સાધનો અને ઓજારો હોય, બહેનો માટે જે યોગ્ય હોય તેવી નીતિ બનાવવી અને સુધારવી અને આપણે સહકાર થકી જે શીખ્યા એ દેશની સરકાર અને વિશ્વમાં લઈ જવું જેવી બાબતો પર ભાર મૂક્યો હતો.



જુદી-જુદી સહકારી મંડળીના સભાસદોથી ખીચોખીચ હોલ

સેવા કો. ઓપરેટીવ હવે "વુમન્સ એન્ટરપ્રાઇસ સપોર્ટ સિસ્ટમ" તરીકે કામ કરે છે જે બહેનોની મંડળીઓ અને તેમના ઉધ્યમોને આર્થિક રીતે ટકાઉ બનાવવા માટે સિસ્ટમ શરૂ કરી છે જેમાં વધારે મંડળીઓ જોડાય અને એક આખું નેટવર્ક ઊભું કરવું છે જે મંડળીઓના ક્ષમતા વર્ધન, ધંધાકીય સપોર્ટ અને સંશોધન જેવી બાબતે મદદ કરે. દેશમાં જ્યાં જ્યાં અમારી સેવાની જરૂર હોય ત્યાં ત્યાં આપીશું. આપણે શિક્ષણ પર ભાર આપીશું. જેમાં સહકારી શિક્ષણની વાત આવી જાય. હવે સહકારીતાને વેગ આપવા સહકાર મંત્રાલય બન્યું છે અને સરકાર સહકારીતાના શિક્ષણ માટે યુનિવર્સિટી પણ બનાવી રહી છે, તેમાં પણ આપણે આપણાં અનુભવના આધારે ભલામણો આપી છે. સહકારી શિક્ષણ એટલે સાથે રહીને સમૃધ્ધ થઈએ અને બધાને બે ટંક ખાવાનો રોટલો મળી રહે. બધાને સારું આરોગ્ય, બાળકોને પોષણ, રોટી કપડાં અને મકાન મળી રહે જે આપણને ઇલાબેન કાયમ કહે છે.
આપણને કોવિડની મહામારીએ શીખવાડયું છે કે સહકારી મંડળીઓ હતી તો બેઠા થઈ શક્યાં. અમીર અને ગરીબની ખાઈ મોટી થઈ રહી છે અને આ અસમાનતા આપણાં દેશ અને વિશ્વના બીજા દેશોમાં ઓછી કરવી હશે તો સહકારીતા જ કરી શકશે. આપણે સક્રિય રીતે આપણું યોગદાન આ યુનિવર્સિટીમાં આપીશું.

આપણે જોઈએ છીએ કે બહેનોની આગેવાની વધી રહી છે જે ગામે ગામ વધે. આપણે ટેક્નોલોજીના યુગમાં છીએ, આપણે ઇચ્છીએ કે આપણી દરેક મંડળી ડીજીટલ બને, ઑનલાઇન થાય. તેમનો ધંધો ઑનલાઈન કરે. બધા પાસે સ્માર્ટ ફોન હોય, કોમ્પ્યુટર હોય અને ડિજિટલ સાક્ષરતાના સાધનો હોય. બહેનોને સ્માર્ટ ફોનની જેમ ટ્રેક્ટર અને બીજા ધંધાકીય ડીજીટલ સાધનો માટે સક્ષમ કરીએ જેમ કે, આપણાં અનસૂયાબેન, સંગીતાબેન ટ્રેક્ટર ચલાવે છે, તેના જેવી ટેક્નોલૉજી બીજી બહેનો પાસે પણ હોય.

સહકારી મંડળીઓ સક્રિય છે તેઓ તેમની ની ૮૮ %થી વધીને ૧૦૦% પગભરતા તરફ આગળ વધે. નીતિ બનાવવામાં, નીતિ સુધારવામાં આપણે સક્રિય ભાગ ભજવીશું. 'સેવા'માં ૫૦ વર્ષમાં અને સેવા ફેડરેશનમાં ૩૦ વર્ષમાં જે નાનું મોટું શીખ્યા એ સરકાર અને બહારની દુનિયામાં લઈ જઈએ. એ આપણી ફરજ છે અને જવાબદારી છે. ઘનશ્યામભાઈ અમીને જણાવ્યા મુજબ દેશની આઠ લાખ સહકારી મંડળીમાં બહેનોની મંડળીની દ્રશ્યતા ૨ કે ૩% જેટલી જ છે. બહેનોના કામની કદર નથી થતી. અત્યારે સરકાર ખેતીની મંડળીના વિકાસ પર બહુ ભાર મૂકે છે. આપણું કહેવું એ છે કે ખેતીનું મોટા ભાગનું કામ તો બહેનો જ કરે છે તો તેમનું પ્રતિનિધિત્વ હોવું જ જોઈએ અને તે ૫૦ % જેટલું તો હોય જ. આપણે બીજી એક ભલામણ એ પણ કરવાની છે કે કો ઓપરેટીવ સ્વાયત્ત રહે, સ્વતંત્ર રહે કોએ પણ બીજું તંત્ર તેને ઝડપી ના લે અને ખાસ કરીને જે મંડળીઓ બહેનોની છે તેમાં તેમની સમાવેશી નેતાગીરી હોય.

સાથે મંડળીની વાર્ષિક સાધારણ સભા પણ યોજાઇ. જેમાં ગત વર્ષનો વાર્ષિક અહેવાલ વંચાણે લીધો તેમજ વર્ષ દરમ્યાન થયેલી કામગીરીની ઝલક દર્શાવી. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા કોરોના મહામારીની બીજી લહેરમાં રાહતની કામગીરી કરવા બદલ 'સેવા' ફેડરેશનની સાથે 'સેવા ભારત', 'લોક સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ' અને મહિલા હાઉસિંગ ટ્રસ્ટને છેવાડાના લોકો સુધી સૌથી સારી રાહતકામગીરી પહોંચાડનાર ટોચની ૫૦ સંસ્થાઓમાં સ્થાન મળ્યું.

ભારતના રાષ્ટ્રીય સહકારી સંઘ દ્વારા આયોજિત સોશિયલ મીડિયાને અસરકારકતાથી ઉપયોગ કેવી રીતે કરવો તે વિષય ઉપર લોકોને આપણાં અનુભવો જણાવ્યા.

સમગ્ર વિશ્વ ઉપર આવી પડેલી આપત્તિ ''કોવિડ મહામારી''ની બીજી લહેરમાં 'સેવા'ની ભગિની સંસ્થા 'લોક સ્વાસ્થ્ય' મંડળી સાથે મળીને સેવા ફેડરેશને આંતરિક, બાહ્ય તેમજ સોશિયલ મીડિયા દ્વારા ઝૂંબેશ ઉપાડીને નાણાંકીય સહાય કરતી સંસ્થાઓ દ્વારા રાહતની કામગીરી માટે રૂ.૨,૧૨,૫૪,૪૬૪નું ભંડોળ એકત્રિત કર્યુ અને તેમના કુટુંબીઓને તેમની જરૂરિયાત મુજબની કુલ ૪૧,૯૨૫ સભ્યોને ૮૩૮૫ સ્વાસ્થ્યની કીટ ઉપરાંત ૧૦૫૦૦૦ સભ્યોને ૭૦ સામુદાયિક કીટ જેમાં ઉકાળો, ઈમ્યુનિટી બુસ્ટર કેપસ્યૂલ, માસ્ક, ઝીક અને વિટામીન 'સી'ની દવા, પેરાસીટામોલ તેમજ સેનેટાઇઝર વગેરે આપ્યા. આ સિવાય ૪૦૦૦ કુટુંબોને રાશનકીટ જેમાં ચોખા, ઘઉંનો લોટ, દાળ, તેલ, ખાંડ અને મસાલા જેવી વસ્તુઓ પહોંચાડી. જ્યારે ઘરમાં હોમ ક્વોરેંટાઇન થયેલા સભ્યોને ૪૨૭૬ ટિફિન અને ૧૦,૧૬૨ નાસ્તાના પેકેટ તેમજ ૪૦૦૦ કિશોરી તેમજ બહેનોને સેનેટરી પેડ અને ૩૪૯૪ ખેડૂતોને ખાતર અને બિયારણની કીટનું વિતરણ કર્યુ હતુ.

આ સિવાય મંડળીઓને કોરોના દરમ્યાન ગુજરાત, બિહાર, કેરાલા, નાગાલેંડ જેવા રાજયોના કુલ ૨૬૪૪ શ્રમજીવી સભ્યોની રોજગારી પુનઃજીવિત કરવા મંડળીની જેવા માપદંડને ધ્યાનમાં રાખીને તેમને રૂ.૭૯,૪૮,૭૧૧ની કાર્યકારી મૂડી આપી.

સભાસદ મંડળીઓના ધંધાકીય વિકાસ અને બજાર જોડાણો મજબૂત થાય અને આફતને તકમાં ફેરવવા તેમના ધંધાની રણનીતિઓ બદલીને તેમની આવડતોનો વિકાસ કરે અને સોશિયલ મીડિયા તેમજ અન્ય માધ્યમો દ્વારા માર્કેટીંગ કરીને સભ્યો માટે રોજગારી ઊભી કરી શકે તે માટે સભાસદ મંડળીઓ માટે અનેક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.

'આબોદાના' છાપકામની મંડળીના મજબૂતીકરણ માટે સેવા ફેડરેશન કાર્યરત રહ્યું છે. વર્ષ દરમ્યાન ૫૧૦ બહેનોને ૫,૨૧,૭૨૨/- રૂ. રોજગારી આપી તે ઉપરાંત બોર્ડના મજબૂતીકરણના ભાગરૂપે 'આબોદાના' મંડળીના પેટા કાયદા સુધારવામાં આવ્યા, તેમજ ૨૦૨૧નું સરકારી ઓડિટ કરાવ્યું જેમાં મંડળીને 'અ' વર્ગ મળ્યો છે.

આ સિવાય ફેડરેશનની મદદથી હસ્તકલા કારીગર બહેનોની આવડત વિકસાવવા માટે ભારતીય ઉધ્યમિત્તા વિકાસ સંસ્થાન સાથે (EDII) જોડાણ કર્યું તેમજ 'હબ્બા' ઓનલાઈન માર્કેટ પ્લેસ દ્વારા ૧૫૦ કારીગર બહેનોને કોવિડ દરમ્યાન રૂ.૨૦૦૦/-ની રોજગારી અપાવવામાં મદદ કરી.

'ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન' (KVIC) સાથે રહીને 'ટુલ કીટ' વિતરણ કાર્યક્રમમાં કુલ ૮૦ કારીગર બહેનોને રોજગારી માટે સિલાઈ મશીન આપ્યા.

'તૃપ્તિ નાસ્તા એકમ' મંડળીએ વર્ષ દરમ્યાન ૫૦ બહેનોને રૂ.૧૯,૫૮,૮૨૫/-ની રોજગારી આપી તે ઉપરાંત રૂ.૩૭,૧૯,૬૮૪/-નું વેચણ કર્યું તમજ ફેડરેશનની મદદથી મંડળીની આર્થિક પગભરતા માટેના આયોજન કર્યા જેમાં ૩ કેન્ટીન-નાબાર્ડ, ઈન્ડસ તેમજ ખાધ્ય ખોરાક ઓફિસ (FCI) માટે આયોજન, અમલીકરણ, રેટ કાર્ડ, મેન્યૂ નક્કી કરવામાં તેમજ સંકલન અને મોનીટરીગ વ્યવસ્થા ગોઠવવામાં મદદ કરી.

'તાપી જિલ્લા મેઘા આદિવાસી મંડળી' સાથે ધંધાકીય મોડેલ અને રણનીતિ તૈયાર કરવા ઉપર સઘન રીતે કામગીરી કરી. વર્ષ દરમ્યાન મંડળી દ્વારા ૨૨ બહેનોને રૂ.૫,૭૧,૮૨૯/- રોજગારી આપવામાં આવી તેમજ રૂ.૪૬,૪૨,૫૦૧/-નું વેચાણ કર્યું. આ ઉપરાંત વૈકલ્પિક રોજગારીના ભાગરૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં સંકલન દ્વારા મશરૂમની ખેતી તેમજ મરઘાં પાલનની તાલીમ આપી જેમાંથી ૨૯ સભ્યોએ મશરૂમની ખેતી અને ૨૬૫ સભ્યોએ મરઘાં પાલનની કામગીરી શરૂ કરી છે. તાલીમની કામગીરીને આગળ વધારવા ફેડરેશનની મદદથી ખેતીમાં માસ્ટર ટ્રેનરની હરોળ પણ ઊભી કરી છે.

'સેવા હોમકેર' મંડળીએ વર્ષ દરમ્યાન જે કામગીરી કરી તેના થકી મંડળી દ્વારા ૪૬ બહેનોને રૂ.૪૯,૪૩,૨૮૯/- રોજગારી આપવામાં આવી તેમજ ૫૬૦૭ બહેનોને હોમકેર મંડળીની કામગીરી વિષે જાગૃતિ આપી. સેવા ફેડરેશનની મદદથી ૬ સંકલિત સાથીની હરોળ ઊભી કરી અને કાર્યક્ષેત્ર વધારવા તેમના પેટાકાયદા સુધારવા માટેની કામગીરી કરીને અમદાવાદના ચાર ઝોન તેમજ નડિયાદ અને પેટલાદ ખાતે બહેનોના સંગઠન અને વિકાસના કામો કરવામાં આવ્યા.

સેવા ફેડરેશનની મંડળી વિકાસની ટીમ દ્વારા સભાસદ મંડળીઓ માટે સંચાલન અને વ્યવસ્થાપનની કામગીરી કરવામાં આવી. નિયમિત બોર્ડ મિટીગ, વાર્ષિક સાધારણ સભા, પેટા કાયદામાં જરૂરિયાત મુજબ સુધારાની કામગીરી કરવી વગેરે.

મંડળીઓનું 'ઉધયમી' અને 'જેમ' પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાની કામગીરી કરી જેથી તેઓ સરકારી કામ મેળવી શકે.

દૂધ મંડળીના મજબૂતીકરણ અને સંપર્ક માટે ૩૩ દૂધ મંડળીની મુલાકાત લઇ તેની પરિસ્થિતિ જાણી અને તેઓની માંગ મુજબ તાલીમ આપવાની શરૂઆત કરી.

રાષ્ટ્રીય સહકારી સંઘ(NCUI)માં સહકારના પખવાડિક સપ્તાહની ઉજવણી અંતગર્ત તૃપ્તિ અને લોક સ્વાસ્થ્ય મંડળીને તેમના ઉત્પાદનોના વેચાણ માટે 'હાટ'માં માર્કેટીગ જોડાણ કરાવ્યું.

સેવા ફેડરેશને યુવા પેઢીને સહકારી મંડળીમાં જોડીને તેમને સંગઠન અને રોજગારીની સાથે સાથે સમયની માંગ મુજબ નવા વ્યવસાય સાથે જોડવા માટે ''સૃજન'' નામક નવી મંડળી બનાવવાની પહેલ કરી. જેમાં આ વર્ષે ૧૮-૩૫ વર્ષની યુવતીઓ અને મહિલાઓને સંશોધન અને સંચાર (કોમ્યુનીકેશન)ના ક્ષેત્રમાં સંગઠિત કરવાની શરૂઆત કરી જેમને આવનારા વર્ષમાં તાલીમ આપીને રોજગારી સાથે જોડવા અને સંગઠન મજબૂત બનાવીશું.

'શ્રી ખેડા તાલુકા મહિલા ફળ અને શાકભાજી ઉત્પાદન' સહકારી મંડળી લી.ના મજબૂતીકરણ માટે ગામોની પસંદગી, સભ્યો સાથે સંકલન અને મિટીગ તેમજ તાલીમો કરી.

આ સિવાય ફેડરેશનની ટીમના ૪ સભ્યોએ ''ઝૂમ એપ્લીકેશન''ના એડવાન્સ ફીચર તેમજ ૧૪ સભ્યોએ 'કેનવા ડિઝાઇનિંગ સોફ્ટફેર''ની તાલીમ લીધી.

આમ, આજના પ્રસંગને બહેનોએ આનંદપૂર્વક માણ્યો હતો અને સૂચવેલ ભાવિ દિશામાં આગળ વધવાના ઉત્સાહભેર ઘરે જવા પગરણ માંડ્યા હતા...

**- વિણા, અલ્પા, ગોમતી**

❑

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

## QR Code ની સુવિધા અને તેના ફાયદા




- વધુ ને વધુ લોકોને ઓછા રોકડનો ઉપયોગ કરવા અને ડીજીટલી ચુકવણી કરવા માટે પ્રોત્સાહિત કરવાના પ્રયાસમાં,આરબીઆઈ એ આવા QR Code સંચાલિત મીકેનીઝમ્સની શરૂઆત કરી છે.
- QR Code ધ્વારા વેપારીઓ અને ગ્રાહકો માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને ભંડોળની આપ-લે કરી શકાય છે. વેપારીઓ તેનો ઉપયોગ ડીજીટલ પેમેન્ટ સ્વીકારવા કરી શકે છે.
- QR આધારિત પેમેન્ટ સોલ્યુશન મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે ચુકવણી શરુ કરવા અને સ્વીકારવાની ચેનલ રજુ કરે છે.
- QR Code ધ્વારા કોઈપણ ડીજીટલી ગ્રાહકના ખાતામાંથી પૈસા સીધા વેપારીના ખાતામાં જમા કરી શકે છે.
- QR Code તમામ કાર્ડધારકો અને **UPI** વપરાશકર્તા માટે બેન્કોમાં સરળ વ્યવહારોને સક્ષમ કરે છે.
- વગર ખર્ચે નાણાંની લેવડ-દેવડની સુવિધા.
- નાણાં સીધા બેંક ખાતામાં જમા થતા હોવાથી કોઈપણ માહિતી કે રસીદની જરૂર રહેતી નથી.
- નાણાં ચુકવણીનો બેંક ધ્વારા તરત જ SMS મળવાથી તેની ખાતરી થઇ જાય છે.
- QR Code થી ડીજીટલી કેશલેસ તરફ જઈ શકાય છે.
- QR Code સાથે તમારો બેંક ખાતા નંબર લિંક થયેલ હોય છે એટલે જેવો ગ્રાહક તેના કેમેરાથી QR Code સ્કેન કરે, કે સીધા પૈસા તમારા ખાતામાં જ આવે. જેથી ખાતા નંબર લખવાની જરૂર રહેતી નથી તેથી બીજા ખાતામાં પૈસા જમા થવાનો પણ ભય ના રહે.

# ફેડરેશનમાં મારું સન્માન

ફેડરેશનની ૩૦ વર્ષની ઉજવણી અને વાર્ષિક સાધારણ સભામાં મારું સન્માન થયું. તેથી મને ઘણો આનંદ થયો. ફેડરેશનમાં પાયાનું મુખ્ય કામ સંઘ બનાવવાનું અને તેનાં રજીસ્ટ્રેશનની કામગીરી ઈલાબહેનના માર્ગદર્શન હેઠળ ૧૯૯૧થી ૧૯૯૫માં સંભાળી હતી. આજે ઈલાબહેનના હસ્તે સન્માનિત થઇ તેનાથી વધારે ખુશીની પળ બીજી કોઇ હોઇ શકે...!

હાલમાં 'વિડિયો' સેવા મંડળીમાં કામ કરું છું. 'સેવા'માં જોડાઇ ત્યારની વાત કરું તો ૧૯૮૭માં 'હસ્તકલા' મંડળી, 'સબીના' મંડળીના ચીંદી પેચવર્ક મંડળીમાં અરવિંદાબહેન સાથે એકાઉટન્ટ તરીકે કામગીરી કરી. ઈકોનોમિક વીંગમાં લલીતાજી, અરવિંદાબહેન, ઉમાબહેન, નમ્રતાબહેન, સુકૃતિબહેન એવા ઘણાં બહેનો સાથે કામ કર્યુ.

'સેવા'માં ડાબી બાજુ 'ઝોહરા મંઝિલ' અને જમણી બાજુ 'કપિલા' સદન હતું, ત્યાં બધા મંડળીવાળા બેસતાં હતા. આજે જ્યાં,'રંગભુવન' છે ત્યાં 'હસ્તકલા' મંડળીને બેસાડી હતી. મંડળીઓનો આધાર માર્કેટીંગ તેથી અમે દિલ્હી, મુંબઇ જેવા શહેરોમાં અમે પ્રદર્શનમાં જતાં. હું અકાઉટન્ટ એટલે બીલો કે સ્ટોક વિગેરેનું કામ કરતી. આ કામમાં મને ખૂબ જ રસ પડતો. મારી કામગીરી જોતા મને બધી મંડળીઓના અકાઉન્ટ અને સ્ટોકનું કામ મને સોપ્યું.'સેવા'ના કમ્પાઉન્ડની ડાબી બાજુએ 'સેવા' કલાકૃતિની દુકાન હતી અને તેની પાછળ મંડળીના માલનો સ્ટોક રહેતો જ્યાં એ માલના સ્ટોકના ઢગલામાં બેસીને હું કામ કરતી હતી. ત્યારે, ઈલાબહેન મને આ કામ કરતાં જોઈ અને મને તેમની કેબિનમાં બોલાવી કહે, 'સેવા'માં ૩૩ જેટલી જુદી જુદી મંડળીઓ છે તો આપણે તેનો (સંઘ) અલગ ફેડરેશન બનાવવાનું છે. તેની કામગીરી તમે સંભાળશો? મે હા પાડી, ત્યારે ઈલાબહેન સાથે રહીને સંઘના રજીસ્ટ્રેશનની કામગીરી કરી.

બેન(ઈલાબહેન)ના માર્ગદર્શન હેઠળ ફેડરેશનના બાયલૉઝ મુલાણી સાહેબની મદદથી બનાવ્યા. અથાગ મહેનત અને બેનના માર્ગદર્શનથી કામ કરતી ગઇ અને ૬ મહિનાના સમયગાળામાં ગાંધીનગર જઇને ૧૯૯૨માં ફેડરેશનની નોંધણી કરાવીને તેનું પ્રમાણપત્ર મળ્યું. ત્યારબાદ ગોયલ ટાવર પાસે ફેડરેશનની ઓફિસ લીધી.

'ઈકોનોમિક વીંગ' જે 'સેવા'ની શોભા હતી, તેમાં મને યાદ આવતાં 'સેવા' ૧૯૯૦થી ૨૦૦૦ના દસકામાં વાંસની 'બાંસરી' મંડળીના જયલતાબહેન દવાની દુકાન 'રામ' બારીની સૌ પ્રથમ જવાબદારી સોંપાઇ, 'સબીના' મંડળીના અરવિંદાબહેનને 'બનાસ ક્રાફટ' દુકાનની જવાબદારી સોંપાઇ, 'ઉત્સાહ-વિજય' વણાટ મંડળીના નમ્રતાબહેનને 'સેવા અકાદમી' સોંપાઇ અને મંડળીઓના ફેડરેશનની જવાબદારી સોંપાઇ. ત્યાર બાદ ૨૦૦૧માં 'વિડીયો સેવા' મંડળીમાં જોડાઇ. સાથે સાથે અકાઉન્ટ વિભાગમાં કામ કરું છું.

**- જયશ્રી કેડિયા**

❑

# ગામતળનું કામ

હમણાં જ આઝાદીનું પર્વ ગયું. ગુલામીમાંથી મુક્ત થયા. આઝાદીનાં આટલાં વર્ષ પછી પણ હજી ઘણી સમસ્યાઓમાંથી મુક્ત થવાનું બાકી છે. ગામતળથી નગર—મહાનગર સુધી નજર નાખીએ. કોઈ ગામ કે શહેર, કોઈ શેરી, પાદર કે શહેરના સીમાડે સમસ્યા તો છે જ. ગામ જ નક્કી કરે તો તેનો ઉકેલ અવશ્ય આવી શકે. ગામબળ ખૂબ જ મહત્ત્વનું છે.

નિરક્ષરતા પણ એક પડકારરૂપ સમસ્યા છે. આઝાદી બાદ પાયાની સમસ્યાઓના ઉકેલ માટે પ્રયત્નો થતા ર□ા. નિરક્ષરતા દૂર કરવા માટે પણ તબક્કા વાર પ્રયાસો થતાં ર□ા. ૧૯૭૮થી આજ પર્યંત સરકારી રાહે પણ વિશેષ પ્રયાસો કરવામાં આવી ર□ા છે. હજી ધાર્યું પરિણામ નથી મળી ર□ું.

ગામને જ એકમ બનાવવામાં આવે. ગામની પંચાયતની ભૂમિકા મજબૂત રીતે નક્કી કરવામાં આવે. ગામનાં સંપ, સંગઠન અને સંકલ્પથી અનેક સામાજિક-ધાર્મિક કામો ગામ થકી થાય છે. સાક્ષરતા માટે કોઈ ગામે આવું કર્યું નથી. ગામ સંપૂર્ણ સાક્ષર થયું નથી. કદાચ થયું હોય, જાહેર કર્યું હોય તો તે લાંબું ટક્યું નથી. કારણ કે કાચા પ્રયાસોનું પરિણામ પણ કાચું હોવાનું.

આજે ગામેગામ નિરક્ષરતાનાં અંધારાં છે. ખાસ કરીને મહિલાઓની નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. નિરક્ષરોની નાનકડી સંખ્યા હોય તોય આ દિશાએ ગ્રામપંચાયતે લક્ષ આપ્યું નથી અને તેથી જ આ વણખેડ્યા ખેતર જેવું છે. દર વર્ષે બગડતું જાય. અનેક ગામોએ આદર્શ ગામ, નિર્મળ ગામ કે સમરસ ગામો એ ઍવૉર્ડ મેળવ્યા છે, પરંતુ નિરક્ષરતાના કલંક સાથે.

૮ સપ્ટેમ્બર સમગ્ર વિશ્વમાં સાક્ષરતા દિવસ તરીકે ઊજવવામાં આવે છે. નિરક્ષરતા દૂર કરવા માટે લોકજાગૃતિ વ્યાપક બનાવવાના પ્રયાસો કરવામાં આવે છે, સંકલ્પ પણ લેવાય છે. સંકલ્પપૂર્તિ થતી નથી. આહ્‌વાન ભલે વિશ્વ કે રાષ્ટ્ર કક્ષાએ કરવામાં આવે, પ્રયાસ અને પરિણામ તો ગામતળનાં છે. દરેક ગ્રામપંચાયત સંકલ્પ કરે, ગામની નિરક્ષરતા દૂર કરે. ગામનું કામ ગામ કરે, અંગૂઠામુક્ત ગામ બને.

**- 'લોકજીવન' પાક્ષિકમાંથી સાભાર**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
22-8, 6-9-22

**અનસૂયા**

- ૩૯માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-8, 6-9-2022

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001